# ૫૫મો
# વાર્ષિક પદવીદાન સમારંભ
ગુરૂવાર, ૨૪ જાન્યુઆરી ૨૦૧૩

## પદવીદાન વ્યાખ્યાન

શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા
મુખ્ય અતિથિ

યુનિવર્સિટી પ્રેસ


**સરદાર પટેલ યુનિવર્સિટી**
**વલ્લભ વિદ્યાનગર**

# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

## પદવીદાન વ્યાખ્યાન – ૨૪ જાન્યુઆરી ૨૦૧૩

શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા

## આંબલીથી લીમડા સુધી : આપણી વિદ્યા-યાત્રા અંગે થોડુંક

૧.

મહામહિમ કુલાધિપતિ ડૉ. શ્રીમતી કમલાજી બેનીવાલ, આદરણીય કુલપતિજી, પ્રો. ડૉ. હરીશ પાઢ, ડૉ. શિરીષ શ્રીવાસ્તવ, ડીન, ફેકલ્ટી ઑફ મેડીસીન, સેનેટ અને સિંડીકેટના માનનીય સભ્યો તેમ જ વિદ્યા-સંસ્થાઓ અને વિભાગોના માનનીય અધ્યક્ષો, કુલસચિવ શ્રી તુષાર મજમુદાર અને એમના સાથી કર્મચારીઓ, વિશ્વવિદ્યાલયના ધબકતા જીવન સમા અને મારા સ્નેહાદરના સર્વોચ્ચ અધિકારી એવાં મારાં અધ્યાપક બંધુભગિનીઓ અને સવિશેષે તો જેમને માટે કરીને તો આ આખી યુનિવર્સિટી-વ્યવસ્થા છે અને આજનો આ સમારંભ છે, એવાં આ સામે બેઠેલા તેજસ્વી અને ખંતીલા વિદ્યાર્થી મિત્રો,

સહુ પહેલાં તો અભિનંદન અને શુભેચ્છા. ઊજળી સફળતા સાથે ભણતર પૂરું કર્યા બદલ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને હવે શરુ થતી એક અલગ જિંદગીમાં સફળતા માટે શુભેચ્છા. કેવી હશે એ જિંદગી ? બિલ ગેઈટ્સ કહે છે તેમ, તમારી કિશોર વયે ટેલિવિઝનના પડદા પર તમને દેખાતી હતી, જિંદગી તેવી તો હવે તમારાં ભર જુવાનીનાં પુખ્તવરસોમાં નહીં જણાય. વાસ્તવ તમારાં હીરનાં પારખાં લેશે, તમારી શક્તિની પરીક્ષા કરશે.

વિનોદવૃત્તિ વાળા કોક વાસ્તવદર્શીએ ક્યાંક કહ્યું છે કે શાળા-જીવન દરમ્યાન તમને પહેલાં પાઠ ભણાવવામાં આવે છે ને પછી તમારી પરીક્ષા લેવામાં આવે છે; પણ તે પછીનાં વરસોમાં પહેલાં કોક તમારી પરીક્ષા લઈ લેને પછી તમને આખી જિંદગી યાદ રહી જાય એવો પાઠ ભણાવે, એવું યે બને! પણ કવિ રાજેન્દ્ર શાહ કહે છે તેમ, 'આપણે ના કાંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોષઅપાર.' તમારી યુનિવર્સિટીએ તમારી આંતરિક શક્તિઓની, બૌધ્ધિક અને ભાવમય શક્તિઓની, તીજોરીઓ ભરપૂર ભરી આપી છે, જીવન રૂપી તમારા નવા અધ્યાપક પાસે નવા નવા પાઠ તમે હોંસથી ને આત્મવિશ્વાસથી ભણજો ને ભવિષ્યના પરીક્ષા-ખંડમાં તમારી પરીક્ષા લેવા આવનારાં પરિબળોની સામી પરીક્ષા તમે લેજો ! સરદાર પટેલના નામ સાથે અને ભાઈકાકાના કામ સાથે જોડાયેલી આ અડીખમ અને સ્વભાવે પ્રામાણિક એવી યુનિવર્સિટીમાં તમારું ઘડતર થયું છે, તમારો કોઠો મજબૂત બન્યો છે. જીવનના વાસ્તવમાં માત્ર ઉત્તરવહીઓ લખવાનું કામ જ તમારે ભાગે ન આવે; પણ સમાજ સામે, દેશ સામે, સત્તા સામે મૂકવાના પ્રશ્નપત્રો કાઢવાનું કામ પણ તમારા હાથમાં રહે, એવું સામર્થ્ય, તમારી માતૃ સંસ્થાએ વારસામાં આપેલી કોઠાસૂઝથી તમે કેળવતા રહેશો, એ મારી આજે તમને વિદાયવેળાની શુભેચ્છા છે. વાસ્તવ-દર્શનમાંથી અને આંતરસૂઝમાંથી આવતા, એક નવો આત્મ-વિશ્વાસ તમને મળો અને જિંદગી સાથે જિંદગીભર ટકે એવો પ્રેમસંબંધ તમે બાંધો, એ અમારા સહુની શુભાશિષ. સરદારશ્રીની યુનિવર્સિટીના વિદ્યાર્થીને એથી ઓછું કશું શોભે નહીં.

- મિત્રો, સવાલ એ છે કે માત્ર તમારી યુનિવર્સિટી નહીં, દરેક વિદ્યાપીઠ કેવી હોય, કેવી હોવી જોઈએ ? ખરેખર તો દરેક સાચું વિદ્યાલય સ્વાયત્ત જ્ઞાનના નિર્માણ, જતન, વર્ધન અને વ્યાપન કરવા માટે જાગૃત સમાજે જાતે બનાવેલું



એવું એક યુનીક લોકેશન, અજોડ સ્થાનક છે. એ સરનામું, એ કેમ્પસ, ભૂગોળના કોઈ ખૂણે નથી હોતું, એ તો કવિ ઉમાશંકર જોશી કહે છે તેમ, 'માનવોની મનો-મૃત્તિકા'માં હોય છે. તમારી એવી મનોમૃત્તિકાને, તમારા મનની, બુદ્ધિ અને ભાવનાઓની, એ માટીને તમારી યુનિવર્સિટીએ કેળવી આપી છે. હવે તમે આવતાં વર્ષોમાં શું કરશો ? તમારી અનુકંપાનો ઝરો, જે તમારા પોતાના અંતસ્તલમાંથી વહે છે, એને બારે માસ લીલો રાખો, ને સાચી ને મોટી સફળતાના બબ્બે-ત્રણત્રણ પાક દર વરસે લેતા રહો, એ અમારી સહુની શુભેચ્છા. તમારા અધ્યાપક સાહેબો, તમારા કુલસચિવ અને કુલપતિજી, તમારી યુનિવર્સિટી હવે નિરંતર તમારી એ આંતરભૂમિમાં આજીવન તમારી સાથે ને સાથે રહેશે. આજથી અડધી સદી પછી જ્યારે તમે તમારી કારકીર્દિ ટોચે હશો ને કોઈ પૂછશે કે આપકી સફલતા કા રહસ્ય બતાઓગે ? તો ટૂંકમાં જવાબ આપી શકશો; મારી એસ.પી. યુનિવર્સિટી !

## ૨.

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના પંચાવનમા દીક્ષાન્ત સમારોહમાં મને સામેલ કરવા બદલ કુલપતિ ડૉ. હરીશભાઈ પાઢનો અને એમના સાથીઓનો હું આભારી છું. આ મહત્ત્વના અવસરે મને, મુખ્યત્વે ગુજરાતી સાહિત્યવાચન-લેખનના કામમાં પોતાનું જીવન વીતાવનાર એક વ્યક્તિને બોલાવીને, આપના વિશ્વવિદ્યાલયે પોતાના અગ્રતાક્રમોના આદર્શનો એક સંકેત આપ્યો છે.

જો કે આ નિમંત્રણ મને ત્રણ કારણોસર જરા વિચાર કરતાં કરી ગયુંઃ પહેલું તો એ કે કુલપતિજી પોતે વિજ્ઞાનના, ફાર્મસીના, એક સમર્થ અને જાગતિક ખ્યાતિ ધરાવતા વિદ્વાન છે અને કુશળ પ્રશાસક છે. હવે, પ્રશાસનનો દષ્ટિકોણ,

આર્થિક કે રાજકીય ઉપયોગિતાના આધારે નિમંત્રણનું નક્કી કરાવે. જેમાં હું ન આવું. અને વિજ્ઞાન દૃષ્ટિ કોઈક મહાન વૈજ્ઞાનિક ઉપર જઈને ઠરે. એમાં યે હું ના આવું. પણ કુલપતિજીએ ગુજરાતીના એક પૂર્વ અધ્યાપકને આજે આમંત્રણ આપ્યું છે ! એ પહેલી નવાઈ. બીજી એ કે કુલાધિપતિજી રાજ્યપાલ તો છે જ, ઉપરાંત સમાજને સહકારી પ્રવૃત્તિઓ વડે બેઠો કરવાત ચાહતી કર્મઠતા સાથે એમનો કિશોરાવસ્થાનો લગાવ છે. એડુવર્ડો બર્નસ્ટાઈન અને રોઝા લક્સમ્બર્ગના લખાણોથી, અને અલબત્ત ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની શકવર્તી કર્મઠતાથી પરિચિત હોવાને કારણે મને સહકારી પ્રવૃત્તિઓની ફિલસૂફીની કેટલીક જાણ છે. રાજ્યકેન્દ્રી સમાજના વિકલ્પે, રચી શકાય એવા સ્વનિર્ભર સમાજની રચનામાં જે વહેવારુ આયોજન-શક્તિ જોઈએ, એનો યે મને અંદાજ છે. એટલે થયું કે આવા કુલાધિપતિની સંસ્થામાં મારા જેવા એક કેવળ કવિજીવને નિમંત્રણ કેમ આપ્યું હશે? બન્ને પ્રશ્નોના ઉત્તરો, અલબત્ત, આનંદજનક હતા, અંગત તેમ જ બિનંગત રીતે.

મારા આ નિર્દોષ વિસ્મયનું ત્રીજું કારણ વધારે ગંભીર છેઃ એ છે યુનિવર્સિટી એટલે શું એ અંગેની આજે ઝડપથી ફેલાતી જતી ગેરસમજ અંગેની મારી સમજ. એટલે થોડાક સવાલો આ અનોખી સભા પાસે રજૂ કરું: પહેલો પ્રશ્ન એ છે કે, આજે યુનિવર્સિટી અંગેનાં આપણાં પેરેડાઈમ્સ અને બેન્ચમાર્ક્સ, આદર્શો અને માનદંડો શા છે ? જવાબ રૂપે બે હકીકતો નજરે ચઢે છેઃ (૧) પહેલી હકીક્ત એ કે વિદ્યાલયોનું રૂપાંતર સ્પર્ધાત્મક પરિસ્થિતિઓમાં સફળતા મેળવવાની કસરત શાળાઓમાં કરવામાં આવી રહ્યું છે. યુરોપમાં વિદ્યાલયો માટે જિમ્નેઝિયમ એ શબ્દ વપરાતો. બુદ્ધિની કસરતો કરી પૈસા કમાવાની કુસ્તીઓ જીતતાં શીખવાનું સરનામું એટલે આવાં જિમ્નેઝિયમ યાને કહેવાતાં વિદ્યાલયો.



શું એ છે આપણી યુનિવર્સિટીઓ ? (૨) બીજી હકીકત એવી જણાય છે કે યુનિવર્સિટીઓને પેસિવ, કહ્યાગરી બનાવવાનું વલણ આખા દક્ષિણ એશિયામાં વરતાય છે. વિશ્વવિદ્યાલય એટલે એક એવી સગવડ, જ્યાં કોઈક બીજી એજન્સીઓ દ્વારા રચાઈને મોકલવામાં આવેલી વ્યવસ્થાઓને, વિચાર અને કાર્યની, મૂલ્યો અને ધ્યેયોની જડબેસલાક વ્યવસ્થાઓને, ચુપચાપ સ્વીકારી લેવામાં આવે. પછી, યુનિવર્સિટીનું કામ એટલું કે એ મૂલ્યો અને ઈરાદાઓને પાર પાડવામાં કામ લાગે, એવા મેન-પાવરનું ઉત્પાદન કરવું. ચર્મકાર જેમ મરેલા ઢોરનું ચામડું કુંડીમાં નાખીને કેળવે, એ અર્થમાં આવી કેળવણી શાળા-મહાશાળાઓમાં ચાલે. - આ વલણ કેવું વિદ્યાવિઘાતક અને પ્રજાદ્રોહી છે, એ તો આજે તિબત્તમાં ચલાવાતી કેળવણીનું ઉદાહરણ જોતાં સમજાશે. અને માત્ર તિબત્તની આ વાત નથી.

વિદ્યાલયો તો નવા નવા જ્ઞાનના નિર્માણ અને મળેલા જ્ઞાનની નિર્મમ ચકાસણી માટેની જગ્યા છે; એ કોઈ તાલીમશાળા નથી, જિમ્નેઝિયમ નથી, પારકે ઈશારે ગમે તે કામ પાર પાડી આપતા નવીન ગુલામોને ખરીદવા માટે, નવા માલિકો જ્યાં પેકેજો લઈને પહોંચી જાય એવું કોઈ મીના બજાર અમારાં કેમ્પસોમાં ન ભરાવું જોઈએ. યુનિવર્સિટીઓ તો સમાજ અને રાજ્યનાં ફેફસાં છે ને હૃદય છે, જ્યાં એમનું ભુરું પડી ગયેલું લોહી પ્રાણવાયુ લઈ પાછું લાલમલાલ થવા નિરંતર આવ્યા કરે. જ્યાં સમાજ અને રાજ્યના મોભીઓ પોતાના વિચારો અને મૂલ્યોને, કાર્યપદ્ધતિઓ અને સિદ્ધિ-મર્યાદાઓને, નિઃશંક થઈને, તટસ્થ તપાસણી માટે, પરીક્ષણ માટે, સલાહ-સૂચન માટે મોકલતા રહે.

પણ આખા દક્ષિણ એશિયામાં (બલ્કે બધે જ) એક રંગીલું પણ ચોંકાવનારું ચિત્ર નજરે ચડે છે. જીવનનું, જીવનબળની અભિવ્યક્તિઓનું, જીવન અંગેના વિચારો અને લાગણીઓની આપલેનું એક જંગી સામૂહિકરણ સર્વત્ર ચાલતું નજરે પડે છે. વિચારવંત વ્યક્તિ નહીં, કહ્યાગરા જનસમૂહોની રચના ચાલી રહી છે. પહેલાં લલચાવી જોઈને, ન થાય તો ડરાવીને એ કામ પાર પાડવામાં આવે છે. માસ મીડિયાની, માસ કલ્ચરની, દરેક જાતની માસિવનેસ કે સામૂહિકતાની બોલબાલા છે. ધ્યાનથી જુઓતો શું દેખાય છે ? થોડાંક નિર્વૈયક્તિક પણ પ્રચંડ પરિબળો પોતે રચેલા કહ્યાગરા જનસમૂહોને જાણે માનસિક ગુટકાઓની ઘાતક મસ્તીમાં મૂકી રહ્યાં છે. એ ગુટકાઓ ખાઈને પ્રજાનાં જડબાં બંધ થઈ જાય છે. માણસ માણસની ભાષા બોલી શકતો નથી. એના જકડાઈ ગયેલાં જડબાંઓમાંથી પરાણે ચઢેલી મસ્તીનાં નાચગાન, જયઘોષ, સૂત્રોચ્ચાર, નર્યો ઘોંઘાટ નીકળ્યા કરે છે.

આપણું વાસ્તવ જ જાણે કે એક રીઆલિટી શો-માં, એક વર્ચ્યુઅલ રીઆલિટીમાં બદલાઈ ગયું છે. નિત નવી ઉત્તેજનાઓ, એક્સાઈટમેન્ટ્સ આવતી જતી હોય એવું લાગે છે. પણ દરેક બદલાવ અગાઉથી કોઈક માસ્ટર કમ્પ્યુટરમાં નક્કી થઈ ચૂકેલો હોય છે. અને એનું કી-બોર્ડ, એનો પાસ-વર્ડ કોણ ચલાવે છે, કોણ બદલતું રહે છે, એ જાણવાની ગુપ્ત વિદ્યા કોઈને અપાતી નથી. મૅચ-ફિક્સિંગ કઈ રીતે થાય છે, ને એ થતું કઈ રીતે અટકાવાય, એ વિદ્યા જ્યાં અપાતી નથી, પણ બોલિંગ-બેટીંગ-ફીલ્ડીંગમાં ભારે કુશળતા કઈ રીતે મેળવાય, એની તાલીમ જ્યાં અપાય છે, એ જગ્યાને વિદ્યાલયનું નામ આપતા શબ્દકોષો, ન જાણે ક્યાં છપાતા હશે ? જ્યાં હાઈ ડિનોમિનેશનની ચલણી નોટો છપાય છે,



એ જ છાપખાનામાં એ શબ્દકોષ છપાય છે, એ રહસ્ય જાણી ચૂકેલા માણસો એટલે સાચા કવિઓ અને સાચા શિક્ષકો. જ્યાં જમીન વિનાના, ભૂતળના વાસ્તવ વગરના નકશાઓના નગરોમાં કંડક્ટેડ ટૂર્સ ચાલ્યે જતી હોય, એમાં 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' એમ કહેતી કવિતા માટે ક્યાં જગ્યા હોય ? એમ મને આછા સ્મિતભર્યો વિસ્મય વર્ષોથી થયા કરે છે.

જો કે કુલપતિ હરીશભાઈ પાઢના સાચા અને વિખ્યાત વિદ્યાકાર્યથી હું અપરિચિત ન હતો, એટલે, અને મારા બે સન્માનનીય અને પ્રિય મિત્રો, પ્રોફેસર દિલાવરસિંહજી જાડેજા અને પ્રોફેસર પ્રવીણભાઈ પટેલના કુલપતિ રૂપેના કાર્યકાળ દરમ્યાન અહીં આવવાનું, અહીંનો માહોલ નજરે નિહાળવાનું બન્યું હતું, એટલે પેલા વિસ્મયને છેડે આનંદ જ હતો.

એ આનંદ આજે આપ સહુ સાથે વહેંચી લેવાનોયે આનંદ છે.

## ૩.

પણ એ આનંદમાં યે જે સમજણ મને મળી એના બે મુદ્દા તમારી સામે, કુલાધિપતિ રાજ્યપાલ અને આ વિદ્યાર્થીઓ સુધીના સહુ સ્નેહીજનો સામે, સવિનય સ્પષ્ટતા સહિત હું મૂકું.

પહેલો મુદ્દો શિક્ષણના અર્થકારણનો છે. પ્રજાની મહેનતનું જે નાણું રાજ્યની તિજોરીમાં આવે છે, એમાંથી લોકોના સંતાનોની કેળવણી માટે પૂરતી વ્યવસ્થા કરવાનું રાજ્યને શું ન પોસાય ? બીજી રીતે કહું કે એ માટેની પૂરતી વ્યવસ્થા ન કરવાનું રાજ્યને પોસાય ખરું ? જેમ મા-બાપ બહુ પૈસાવાળાં ન હોય તો પેટે પાટા બાંધીને પણ સંતાનોને ભણાવે, એવી ભારતની સંસ્કૃતિ છે,

તેમ રાજ્ય પણ પેટે પાટા બાંધીને (જરા મોટા ને લાંબા પાટા જોઈએ તો એ મેળવીને) પોતાની ઊગતી પ્રજાને ભણાવી ન શકે ? મારો પ્રશ્ન 'સેલ્ફ ફાઈનાન્સ' વિદ્યાસંસ્થાઓ અને ખાનગી યુનિવર્સિટીઓ અંગેનો છે, એ સમજાયું હશે. એવી વિદ્યાકીય અર્થવ્યવસ્થા, એકેડેમિક ફાઈનાન્સિંગ શું અનિવાર્ય છે ? છડેચોક ચાલતો વિદ્યાસંસ્થાઓનો ખાનગી વેપાર રોકવા માટે રાજ્યની યુનિવર્સિટીઓમાં જરૂરી અને વ્યાજબી ફી વધારો કેમ ન કરી શકાય ? એ અંગે માત્ર રાજકીય કારણોસર જો હોબાળા મચાવવામાં આવતા હોય, તો એ અંતે વિદ્યાવિઘાતક છે, એમ ખોંખારીને કહેવાનું વાલીઓને શીખવાડવું પડે ? શાળાઓમાં અને સેલ્ફ-ફાયનાન્સ ખાનગી યુનિવર્સિટીઓમાં જે ધોરણ છે, તેને એક તરફથી નિયંત્રિત કરી, બીજી તરફથી રાજ્યહસ્તકની યુનિવર્સિટીઓમાં વ્યાજબી ફી વધારો થાય તો આપણું વિદ્યા-સ્વાસ્થ્ય સુધરે નહીં ?

બીજો મુદ્દો વિશ્વવિદ્યાલયોમાં હ્યુમેનિટીઝ અને સોશ્યલ સાયંસીઝના, સમગ્ર વિનયન શાખાના સ્થાન અંગે છે. આજે સાહિત્યના, ફિલસૂફીના અને ભાષાઓના વિભાગોને રાજ્ય અને સમાજ, બન્ને તરફથી જાણે દેશવટો દેવાઈ રહ્યો છે. 'જોબ-ઓરીએન્ટેડ કરીક્યુલા', 'એન્ડ-ઓરીએન્ટેડ એડ્યુકેશન' વગેરેને નામે, વિનયન શાખાને અળખામણી કે નકામી ગણવાનું વલણ, પ્રગટ કે પ્રચ્છન્ન, જોર પકડતું જાય છે. સવાલ 'ગુજરાતી બચાવો' કે 'સાહિત્ય બચાવો'નો નથી. બન્ને બળકટ છે, ને પોતાનું સંભાળી લેશે. સવાલ એ છે કે આપણે કેવા વિદ્યાર્થીઓના, કેવા ભવિષ્યના નિર્માણમાં સહાયરૂપ બનવું છે ? માત્ર કાર્ય-કુશળ નિષ્ણાતો પેદા કરવા છે, કે વિચારવંત, અનુકંપાશીલ, કંઈક તો 'પીડ પરાઈ (જે) જાણે રે', એવા કાર્યકુશળ નિષ્ણાતોના આપ ઘડતરમાં



જોડાવું છે ? 'નિષ્ણાત' શબ્દનો અર્થ નાહી કરીને સ્વચ્છ થયેલો, એવો છે; નહીં કે જેણે માણસાઈની વિદ્યાના નામનું, નરસિંહના વૈષ્ણવજનના નામનું નાહી નાખ્યું છે, એવો નિષ્ણાત. સાચા નિષ્ણાતો વિના સમાજને ચાલવાનું નથી. સાચા નિષ્ણાતોનું ઘડતર કરવું હશે તો, કાર્યકુશળતાને અનુકંપા સાથે જોડવી હશે તો, એના અભ્યાસક્રમમાં સાહિત્ય અને માતૃભાષા, ફિલસૂફી અને ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રને સામેલ કર્યા વિના ચાલવાનું નથી. સૌંદર્ય સમો કોઇ શિક્ષક નથી, એ વાત સાચી ન લાગતી હોય, તો આ સામે બેઠેલા યુવા-વર્ગને પૂછો.

પણ આ વિજ્ઞાન અને વાણિજ્યની લટકાળી વિદ્યાઓએ કલા અને સાહિત્યના જ્ઞાન-પુરુષ સાથે છૂટાછેડા ક્યારથી લઈ લીધા ? આપણી યુનિવર્સિટીઓનો ઇતિહાસ ટૂંકમાં જોઇએ. યુરોપના ઇતિહાસમાં 'એજ ઓફ રીઝન', તર્કનિષ્ઠ વિચારનો યુગ મહત્વનો છે. એ છેલ્લા ચારસોએક વરસોમાં એના પુનર્જાગરણ કે રનેઈસાન્સના ભાગ રૂપે આવ્યો, ત્યારે યુરોપીય યુનિવર્સિટીઓમાં અલગ અલગ વિદ્યાશાખાઓ રચાતી આવી અને ફીઝીક્સ, કેમીસ્ટ્રી, બાયોલોજીને આસ્તે આસ્તે સાહિત્ય, ફિલસૂફી, કલા અને બીજી માનવ વિદ્યાઓથી છૂટી પડતી ગઈ. અંતે તો જ્ઞાનનો લાગણી સાથે, આવડત કે ફાવટનો એના સામાજિક પરિણામો સાથે, નહાવા નીચોવવાનો, સુખ-દુઃખનો, આપલેનો સંબંધ ન રહ્યો. આસ્તે-આસ્તે વિજ્ઞાન, વાણિજ્ય અને ટેક્નોલોજીનાં જ્ઞાન લાગણીશૂન્ય બનતાં ચાલ્યાં. વિવિધ વિજ્ઞાનોના અને વહીવટોના નિષ્ણાતો વિના ચાલવાનું નથી. એ માટે નવી નવી એલીટ સંસ્થાઓ સ્થપાતી જાય છે, એ સારું છે. પણ એ નવા ઘડાતા નિષ્ણાતોને માનવ-સહજ લાગણીઓથી, કલા અને સાહિત્યના

ભાવ-જલથી થોડા ભીંજાયેલા, થોડા ચોખ્ખા થયેલા બનવામાં શો વાંધો હોય ? કલા અને સાહિત્યના આસ્વાદના બે એક અભ્યાસક્રમો વિજ્ઞાન, વાણિજ્ય અને ટેકનોલોજીના ભણતરમાં યે સામેલ ન કરી શકાય ? એ માટે ઝાઝું કરવાનું યે નથી : ગુજરાતી ભાષામાં બે-પાંચ સંચય-પુસ્તકો, એન્થોલોજીઓ, આસ્વાદ-ગ્રંથો રૂપે, તૈયાર કરવાં પડે. એકમાં સુંદર અનુવાદો રૂપે, નાના આસ્વાદ-લેખો સાથે, કાલિદાસ અને ભાસ, પંચતંત્ર અને બૌદ્ધ ગાથા, તમિળ થીરુ કુરળ અને કન્નડ વચન, કબીર અને લાલ દેદ, ગાલીબ અને રવીન્દ્ર, મન્ટો અને પ્રેમચંદ, એમ થોડાકને ગૂંથી શકાય; બીજામાં સિદ્ધહૈમ વ્યાકરણના રસીલા દુહા, નરસિંહનાં અદ્‌ભૂત પદો, અખાના વિદ્રોહી છપ્પા, પ્રેમાનંદનું મામેરું, નર્મદનું વીર ગદ્ય અને દલપતરામની ઠાવકી-હસતી કવિતા, થોડીક ગોવર્ધનરામ-નાનાલાલ-કાંત-મુન્શી-ગાંધીની ઝલક, થોડુંક એ પછીનું આચમન. ત્રીજા પુસ્તકમાં ચિત્ર-નૃત્ય-સંગીત-શિલ્પ-સ્થાપત્ય-નાટક-સિનેમા માણવાની આવડત કેળવાય, એવી સામગ્રી મૂકી શકાય. એ બે-ત્રણ પુસ્તકો વિજ્ઞાન-વાણિજ્ય-વહીવટ-ટેકનોલોજી-વગેરેની વિદ્યાશાખાઓમાં, દરેકના કેન્દ્રસ્થ વિદ્યાભ્યાસની સમકક્ષ (ન કે વધારાના વાચન રૂપે) રજૂ ના કરી શકાય ? જો એમ કરવાની દૃષ્ટિ અને હિમ્મત હોય તો આવતી કાલનો ગુજરાતી સમાજ પોતાના વિદ્યાભીના નિષ્ણાતોને માત્ર નાણાંથી નહીં, નરદમ નેહથી નવાજશે.

એક મુદ્દો વધારે કરું ? એ છે આપણાં કેમ્પસો પર ફિઝિકલી ચેલેન્જડ્, કાય-ક્ષતિ-સંઘર્ષી વિદ્યાર્થીઓ માટેની સગવડો, પૂરતો વિચાર કરીને, ઊભી કરવાનો મુદ્દો. વધારે નથી કહેતો, મારે એ વાત હૃદયસરસી છે, પણ એટલું કહું કે સમાજને વધારે માણસાઈભર્યો બનાવવાની એ યે એક રીત છે.



## ૪.

મારી આ જરા અટપટી લાગતી વાત, એક વાર્તા કહી ને પૂરી કરું ? બે વૈદરાજોની એ વાર્તા છે. વૈદ્ય શબ્દ વિદ્યા પરથી આવ્યો છે. જે વિદ્યાવંત છે, તે વૈદ્ય. જૂના જમાનાની વાત છે. બે વિદ્યાર્થીઓ સાથેસાથે વૈદકનું ભણતા'તા. બન્ને પારંગત વૈદ્ય બન્યા, ને જુદા જુદા ગામોમાં વૈદું કરતાં વિખ્યાત બન્યા. એમાંના એકને થયું, લાવ, મારા ભાઈબંધ-હરીફની પરીક્ષા કરું. એમણે પોતાના ગામના એક તંદુરસ્ત પણ ગરીબ માણસને પકડ્યો, ને કહ્યું કે જો, આ ચીઠ્ઠી લે. પેલા ત્રણ-ચાર દાડાના અંતરે આવેલા ગામ સુધી ચાલતો જઈ ત્યાંના વૈદરાજને એ ચીઠ્ઠી આપી આવે, તો હું તને અમુક રોકડા રાણીછાપ રૂપૈયા આપું. પેલો તૈયાર. વૈદ કહે, એક વધારે વાત : રસ્તે રાતવાસો તું કોઈ મકાનમાં નહીં પણ ખુલ્લામાં ઝાડ નીચે કરે, તો તને રાત દીઠ એક એક કોરી વધારાની આપું. પેલો કહે, હા. પણ ગમે તે ઝાડ નહીં, વૈદ બોલ્યા, આમલીના ઝાડ હેઠે જ સૂવાનું. ને એ રીતે રાતવાસાના ત્રણ-ચાર દાડાના પંદર-સત્તર દાડા કરે, તો યે વાંધો નહીં, રાત દીઠ એક-એક કોરી. પેલો પઠ્ઠો તો નીકળ્યો, વીસમે દાડે, વીસ આંબલીઓ નીચે રાતવાસો કરી, સાવ કંતાયેલે ડીલે, માંદલા જેવો થઈને પહોંચ્યો બીજા વૈદરાજ પાસે. ચીઠ્ઠી આપી. બીજા વૈદ પૂછે, શું થાય છે, ક્યારથી થાય છે, વગેરે. પેલો કહે નીકળ્યો ત્યારે કૈં નોતું, મારગમાં માંદો પડ્યો--- મારગમાં શું થયું ? કેમ આટલા દા'ડા લાગ્યા ?-- બીજું કાંઈ નંઈ, રાતવાસો આંબલી હેઠે, રાત દીઠ કોરી મળે; એમાં વાર થઈ. સારું, વૈદ કહે, લો આ મારી ચીઠ્ઠી, આપજો તમારા વૈદરાજને; ને હા, હું યે રાતવાસા દીઠ કોરી આપીશ, પણ આ ફેરી તમારે સૂવાનું લીમડા નીચે; આમલી નીચે

નહીં. પેલો ઊપડ્યો, વીસ દાડે મૂળ ગામ ભેગો; પણ લીમડા નીચે ગાળેલી એ વીસ રાતોમાં એ તો પહેલાં જેવો જ તગડો ને નીરોગી થઈ ગયો હતો. મૂળ વૈદે ભાઈબંધની ચીઠ્ઠી વાંચી, આંબલીના ઝેર સામે લીમડાનું મારણ મૂકાયાનું જાણ્યું, મલક્યા ને પેલા માણસને મૂળ મેનતાણું ને ઉપરથી જતાંની વીસ ને આવતાંની વીસ, એમ ચાલીસ કોરી ચૂકવી દીધી.

મિત્રો, આપણે ગુજરાતની, ભારતની, દક્ષિણ એશિયાની યુનિવર્સિટીઓના કેમ્પસોની એક ટૂર ગોઠવીએ. ને જોઈએ કે એમાં આંબલીના ઝાડ કેટલાં છે, ને કેટલાં લીમડા!

ઈ. 1857માં એક તરફ સ્વાતંત્રનો સંગ્રામ છેડાયો હતો, ને બીજી તરફ મુંબઈ-મદ્રાસ-કલકત્તાની યુનિવર્સિટીઓ સ્થપાતી હતી. આપણે દોઢસોએક વરસથી આપણે મોટે ભાગે તો અનુકંપાવિહિન વિદ્યાની, પરીક્ષણ વિનાનાં મૂલ્યોની આંબલીઓનાં ઝાડ નીચે સૂતાં સૂતાં ચાલ્યા છીએ. એથી આપણે મન અને શરીરથી કંતાઇ ગયાં છીએ. ચાલો હવે સરદાર અને ગાંધીએ ઊગાડેલા, ભાઈકાકા અને એચ એમ પટેલે ઉછેરેલા લીમડા તળે, અમારા સયાજીરાવના વડલા નીચે, રાજકોટના કુલપતિ નિવાસમાં અમારા ડો'કાકા કહેતાં ડોલરરાય માંકડે વાવેલી પીંપરડી હેઠે, થોડાક નિજવિદ્યાના ઉજાગરા કરી જોઈએ ! અને આવતી કાલના સ્વસ્થ સમાજની, મર્યાદાશીલ રાજ્યની, મહાજન-દોર્યા બજારની, કવિતા-કલા-ભીના વહીવટકારો, ડોક્ટરો, ટેકનોક્રેટો, નિષ્ણાતોની એક નવી દુનિયાના નિર્માણમાં જોડાઈ જઈએ.

*****